Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

આકાશની સવશ્રેષ્ઠ અને ઉત્તમ ભેટ એટલે "મા"

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 273 ● 1st June 2026 Price Rs. 2/- ● Pages-8

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

### પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

### કાયમી સહાયક દાતા

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

### પરિવાર પત્રિકા સંપાદન સમિતિ

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

મેનેજીંગ ટ્રસ્ટી
બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

### પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ...................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ...................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ...................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ.....................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ...........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

આપણી સમગ્ર જ્ઞાતિમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં ઉત્તિર્ણ થયેલા સર્વ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને અમદાવાદ જ્ઞાતિમંડળ ખૂબ ખૂબ અભિનંદન આપે છે અને ભવિષ્યમાં ઉત્તરોત્તર ઉજ્જવળ કારકીર્દિ બનાવે તેવી શુભેચ્છા પાઠવે છે.

### સાધર્મિક વાત્સલ્ય યોજના

કાયમી મુખ્ય સૌજન્યદાતા-૧ શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) તથા સહાયક સૌજન્ય દાતા-૨ શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી) દાતા-૩ શ્રી મુકેશભાઈ સુરેશચંદ્ર ગાંધી (રણુંજ) ના માતબર આર્થિક સહયોગથી પ્રારંભ થયેલ આ સાધર્મિક વાત્સલ્ય યોજનામાં આપણી સમગ્ર ૪૭ જ્ઞાતિના ઉદારદિલ દાતાઓ તરફથી દર મહિને સતત આર્થિક સહયોગ સાંપડી રહ્યો છે તેથી જ વર્તમાન સમયની કાળઝાળ મોંઘવારીમાં આર્થિક સંકડામણ વેઠતા, જરૂરતમંદ આપણા સાધર્મિક પરિવારોને આ સાધર્મિક વાત્સલ્ય યોજના અંતર્ગત દર વર્ષે બે વખત જીવન જરૂરિયાતની ખાદ્યસામગ્રી અમદાવાદ જ્ઞાતિમંડળ પહોંચાડી શકે છે તે બદલ સર્વે દાતાઓનું મંડળ આભારી છે.

આ યોજના અન્વયે ૨૦૨૬-૨૭ના પ્રથમ રાઉન્ડમાં કુલ ૪૨ અરજીઓ આવેલી તે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી. તે મુજબ અમદાવાદના ૪૨ પરિવારોને ઘઉં, તેલ, તુવેરનીદાળ, મગની મોગર, ચણાદાળ, ગોળ તથા ખાંડની આશરે કુલ રૂા.૨,૪૪,૬૦૨/-ની ખાદ્યસામગ્રીની કીટ મંડળે તેમને ઘરે બેઠા પહોંચાડી છે. આ ઉપરાંત આ યોજનામાં અમદાવાદ મંડળની અપીલને માન આપીને આવા પરિવારોને અનુમોદના રૂપે મળેલી રૂા.૫૪,૦૦૦/-ની રોકડ સહાય પણ વહેંચવામાં આવી. સાથે સાથે શ્રીમતી જયાબેન ભાઈલાલભાઈ નટવરલાલ શાહ (સમોડા) તરફથી આ ૪૨ પરિવારોને કેરીના બોક્ષ પણ આપવામાં આવેલ છે.

સાધર્મિક વાત્સલ્ય યોજનાના આ શુભ સત્કાર્યમાં સાથ સહકાર આપનાર જ્ઞાતિમંડળના સભ્યો અને પદાધિકારીઓને અમદાવાદ જ્ઞાતિમંડળ આભાર માને છે અને અનુમોદના કરે છે.

આ યોજનામાં ખાદ્યસામગ્રી માટે આર્થિક સહયોગ આપવા ઉપરાંત આવા પરિવારોને રોકડ રકમ આપીને અનુમોદના રૂપે પણ આર્થિક સહાય કરી શકાય છે. આ રીતે ભેગી થયેલી રોકડ રકમ તે પરિવારોને કીટની સાથે મોકલી આપવામાં આવે છે તો સર્વે જ્ઞાતિબંધુઓને આ અનુમોદના દાનનો લાભ લેવા નમ્ર વિનંતી છે.

જ્ઞાતિ બંધુઓને **Helpline No.: 7046602375** ની સુવિધા દ્વારા સંપર્ક કરનારને જ્ઞાતિમંડળ અંગેની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવે છે.

### ૪૭ જ્ઞાતિનું વસ્તીપત્રકનું ફોર્મ WhatsApp પર મોકલવા બાબત

વડોદરા જ્ઞાતિમંડળ જે વસ્તી પત્રક (પાંચમી આવૃત્તિ) તૈયાર કરી રહ્યું છે તે માટે અમદાવાદ જ્ઞાતિમંડળના સભ્યોમાંથી હજુ પણ જેમણે પોતાના કુટુંબની માહિતીનું ફોર્મ ભરીને ન મોકલ્યું હોય, તેમણે વહેલામાં વહેલી તકે નીચે જણાવેલ **Helpline No. +917046602375** ઉપર **WhatsApp** કરીને મોકલી આપવું જેથી વડોદરા મંડળને વસ્તીપત્રક પ્રકાશિત કરવામાં વિલંબ ન થાય. ઉપરોક્ત નંબર ઉપર કોન્ટેક્ટ કરવાથી બધી જાણકારી-સહાય મળશે.

## પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

સદ્ગતની સ્મૃતિમાં

કેતન  કેયુર  કેતકી
અલ્કા  શ્વેતા  અક્ષય

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા
પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા
તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા''
મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

અમદાવાદ જ્ઞાતિમંડળની શૈક્ષણિક પ્રોત્સાહન યોજના અન્વયે તા.૨૪-૦૫-૨૦૨૬, રવિવારે વાસણા જ્ઞાતિના હોલ ખાતેથી જ્ઞાતિના ૬૯ સભ્યોને ૧૯૨ ડઝન ચોપડા તથા ૯૮ બોલપેનના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું. અમદાવાદ પૂર્વ વિસ્તારમાં કૃષ્ણનગર ખાતે શ્રી અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક)ના ઘરેથી જ્ઞાતિના ૨૬ સભ્યોને ૭૫ ડઝન ચોપડા અને ૩૮ પેનસેટના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું. ચોપડા લેવા આવનાર જ્ઞાતિજનોને દરેકને ઠંડા પીણાનો લાભ આપવામાં આવ્યો.

અમદાવાદ જ્ઞાતિમંડળનું સભ્યપદ હજુ પણ ન મેળવ્યું હોય તેમણે મંડળની ઓફિસે પધારીને આજીવન સભ્યપદ મેળવી લેવા વિનંતી છે.

મેડિકલ સહાય યોજના અંતર્ગત અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા જ્ઞાતિના હોલમાં ડૉ.શ્વેતાબેન આર. શાહ દ્વારા હોમિયોપેથિક દવા અને સારવાર દર મહિને ઓલ્ટરનેટ ગુરુવારે નિ:શુલ્ક આપવામાં આવે છે. આ બાબતનો વોટ્સએપ મેસેજ જ્ઞાતિમંડળના મેસેજગ્રુપમાં મોકલવામાં આવે છે, તો જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી.

જ્ઞાતિજનો, પરિવાર-પત્રિકામાં આપની ધંધાકીય, વ્યાવસાયિક જાહેરાત માત્ર રૂા.૬૦૦/-માં આપી શકાય છે. તેની સાઈઝ ૬ સે.મી. X ૯ સે.મી. રહેશે. આ મામૂલી રકમની જાહેરાત સમગ્ર જ્ઞાતિમાં થાય અને વ્યવસાયમાં વૃધ્ધિ થઈ શકે છે. તો આ યોજનાનો લાભ લઈ સહકાર આપવા વિનંતી.

સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ અંતર્ગત જ્ઞાતિ હોલમાં પાઠશાળા કાર્યરત છે. અમદાવાદના સૌ જ્ઞાતિજનોને આ પાઠશાળાનો લાભ લેવા વિનંતી છે.

કુદરતી ઉકળાટની સાથે, અત્યારે દરેક જગ્યાએ મનનો ઉકળાટ સાંભળવા મળે છે. કે "અરે યાર, ખૂબ ગરમી પડે છે, લૂ વાય છે. રાતે પણ બફારો લાગે છે. પરંતુ જો મનમાં ઊંડા ઉતરીને વિચારીએ કે શું આ **Global Warming** અને ઋતુ ચક્રના બદલાવ માટે આપણે જવાબદાર નથી ? ઉદ્યોગો સ્થાપવા, શહેરી કરણ કરવા આપણે અસંખ્ય વૃક્ષો કાપી કોંક્રીટના જંગલો ઊભા કર્યા, પ્રકૃતિના નિયમોનું ઉલ્લંઘન કર્યું, જળ, વાયુ, ધ્વનિનું પ્રદુષણ વધાર્યું, પર્યાવરણ દૂષિત કર્યું. વૃક્ષો વાવવાનું પુણ્ય કાર્ય કરવું એ દરેક નાગરિકનું પ્રાથમિક કર્તવ્ય છે તો જ ભાવિ પેઢિને ગ્લોબલ વોર્મિંગથી બચાવી શકીશું."

શ્રી ભાવેશભાઈ એમ. શાહ-મંત્રી ❁ શ્રી રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### ગમ્મત સાથે જ્ઞાન

**તા.૪.૦૬.૨૬ ગુરૂવાર, બપોરે ૨.૩૦ કલાકે, સ્થળ : જ્ઞાતિમંડળ હોલ**

અમદાવાદ મહિલામંડળ ના સર્વે સભ્યો તથા તેમના બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે, બાળકો **Waste** માંથી **Best** બનાવવાનું કૌશલ્ય કેળવે તેવા ઉમદા આશયથી મહિલા મંડળે તા. ૦૪.૦૬.૨૬ ને ગુરુવારે એક ઉપયોગી સુંદર કાર્યક્રમ નું આયોજન રાખેલ છે

આ કાર્યક્રમમાં અમદાવાદ મહિલા મંડળના મંત્રી શ્રીમતી સોનલબેન સંજયભાઈ શાહ (સમોડા) ના પુત્રવધૂ શ્રીમતી આકાંક્ષાબેન સોહિલભાઈ શાહ **BEST OUT OF WASTE** અંતર્ગત બિનઉપયોગી લાગતી ચીજોનો ઉપયોગ કરીને બાળકોને સુંદર કલાકૃતિઓ નમૂના બનાવતા શીખવાડશે.

ખાસ વિનંતી :- મહિલા મંડળના સૌ સભ્ય બહેનો તથા બાળકો (૫ થી ૧૫ વર્ષની વય સુધીના) સાથે સમયસર હાજર રહેશો.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહાર ની વ્યવસ્થા શ્રીમતી દેવલબેન કિરણભાઈ શાહ (તરભ) તરફથી રાખેલ છે.

સોનલબેન શાહ-મંત્રી ● પીન્કીબેન શાહ-સહમંત્રી



મંજુલાબેન ચીનુભાઈ શાહ, ભાલક
(ભાલક-હાલ:અમદાવાદ)
જન્મ તા.૧૫-૦૯-૧૯૩૯ ❖ સ્વ.૦૫-૦૪-૨૦૨૪

મુશ્કેલીઓ જીવનનો અંત નથી,
એ તો નવી શરુઆતનું પાનું છે,
હિંમત રાખશો તો
દરેક રસ્તો સરળ લાગશે.

રાજેશકુમાર ચીનુભાઈ શાહ
હેમાબેન રાજેશકુમાર શાહ
અનાલી • રોમીલ • રીમા • રવિકુમાર
રીવા • કહાન • ક્રીયાન

# સાસુ-વહુનો સંવાદ...
## અમારા જમાનામાં... તમારા જમાનામાં...

સંપાદકીય લેખ

સવારના છ વાગ્યા હતા. રાધાએ પતિ મોહન સામે જોયું. ઓરડામાંથી બહાર નીકળીને, નિત્યક્રમ પતાવી રસોડામાં ગઈ ચા–નાસ્તો તૈયાર કરવામાં ખબર ન રહી કે પાછળ સાસુ રેવા બહેન આવી ગયા છે. સાસુ બોલ્યા, “અમારા જમાનામાં તો ગેસ–કુકર નહોતા. ચૂલા ફૂંકીને થાકી જતાં.” રાધા મનથી તૈયાર હતી. સવારથી રાત સુધી સાસુની ટેપ વાગતી “અમારા... જમાનામાં...”

બધાને ચા–નાસ્તો કરાવીને પોતે નાસ્તો કરવા ટેબલ ઉપર બેઠી, પહેલે જ કોળિયે રેવા બહેને ચાલુ કર્યું, “અમારા જમાનામાં તો ટેબલ નહોતાં....”

સાંભળીને, નાસ્તો કરીને રાધા ઘરની સાફ–સફાઈ કરવા લાગી. પોતાના રૂમમાં આવીને એક નજર મોહન સાથેના ફોટા તરફ ગઈ. થોડી વાર માટે ભૂતકાળમાં સરી ગઈ. બાળપણથી જ અનાથ અને મામા–મામીના સહારે મોટી થયેલી રાધા દેખાવે ખૂબ સુંદર, દેખાવડી હતી. રસોઈ અને ઘરકામ તો મામીએ શીખવી દીધેલું. યુવાન થતાં મામાએ તેના માટે છોકરા જોવાનું ચાલુ કરી દીધું. વહાલી ભાણેજને પસંદ કરવાની છૂટ પણ આપી.

મામીએ એક પૈસે–ટકે સુખી, સોહામણા પરંતુ મા–બાપ વિનાના છોકરાને પસંદ કરવા કહ્યું, પણ રાધાએ ના પાડી. મામીને કહ્યું, “બાળપણથી હું મા વિનાની છું. સાસરે હું મા વિના નહીં રહી શકું. મને માફ કરો.” અને એ રડી પડેલી. સગા–વ્હાલાંએ વાતો કરી “મૂરખી છે. આવું રોક–ટોક વગરનું ઠેકાણું જતું કર્યું.” આવા વિચારોમાં ખોવાયેલી રાધા, સાસુના અવાજથી ઝબકી અને રૂમની બહાર આવી. સાસુ બોલતાં હતાં, “અમારા જમાનામાં તો લીંપણ હતા. કૂવે પાણી ભરવા જતાં. વોશીંગ મશીન નહોતાં. તમારે તો કંઈ કામ જ ના રહ્યા. આ તો હાથ નથી ચાલતા એટલે...” રાધાને થયું કે સાસુને કહી દઉં કે હાથ નથી ચાલતા તો જીભ શા માટે ચલાવો છો? પણ સંસ્કાર આડે આવતાં ચૂપ રહી.

બપોરે બધુ કામ પતાવીને બાળકોને ભણાવતાં વિચારે ચડી, સાસુને વધારે કામ કરવું પડ્યું હશે, પણ પોતેય ક્યાં આખો દિવસ બેસી રહે છે? રસોઈ તેમજ ઘરનું બધું જ કામ કાજ, બાળકોને સાચવવાં, ભણાવવા એ બધું તો પોતે એકલી જ કરે છે ને, સાસુએ તો



બાળકોને ભણાવ્યા જ નથી.

જમાનો બદલાવાથી ઘણું બધું બદલાઈ જાય છે. સુખ–સગવડો–સાધનો વધ્યા છે. તો સામે નવાં કામ પણ વધ્યા છે. દાયકો જ નહીં પણ એક એક કલાકે જમાનો આગળ વધતો જાય છે. આવા વિચારોમાં હતી ત્યારે બાળકોએ પૂછ્યું, “મમ્મી, તું શું વિચારે છે?” ત્યારે રાધા તેમની સામે જોઈ રહી. નાની ઝરણાએ પૂછ્યું, “શું જુએ છે મમ્મી?” રાધાએ જવાબ આપ્યો, “આવતા જમાનાને...” દીકરો નિનાદ સમજ્યો નહિ. તેણે પૂછ્યું, “એ વળી શું મમ્મી?”

પુત્રના પ્રશ્નથી રાધાને મનમાં થયું – મારી પણ વહુ આવશે. મારોય જમાનો આવશે. ખબર નહીં, ત્યારેય જમાનો બદલાયો હશે. હું ય વહુની પાછળ ફરતી ફરતી અમારા જમાનાની વાત કરીશ કે....

પછી તરત રાધાએ મનના એ વિચારને ફંગોળી દીધો અને વિચારવા લાગી કે હું આવી પ્રથાને બંધ કરું તો? સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન શા માટે બને? જો મારી દીકરીને નવા જમાનાનો ફાયદો મળશે જ ને તો પછી મારી પુત્રવધૂને કેમ નહીં? હું પણ નવા જમાનાને અનુરૂપ અનુકૂળ થઈને, નિરાંતે મારા અધૂરા શોખ પૂરા કરીશ. હે પ્રભુ, મને સદ્‌બુદ્ધિ આપજો કે હું એક સાસુ નહીં પણ સારી મા બની શકું.

વાંચકો, રાધા જેવી પોઝીટીવ પ્રાર્થના કેટલી સ્ત્રીઓ કરતી હશે?

– સૌજન્ય : અખંડ આનંદ

બકુભાઈ સી. ગાંધી(સમોડા)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા) સહસંપાદક

## શૈક્ષણિક પ્રોત્સાહન યોજના...દાન-ફંડ-ભેટ

**રૂા.૩૩,૩૩૩/-**



શ્રીમતી જયશ્રીબેન તથા શ્રી દિલીપકુમાર બાબુલાલ શાહ (ઊંઢાઈ-હાલઃ અમદાવાદ)



ચિ.પ્રાવી

તેમાં

રૂા.૧૧,૧૧૧/- શ્રી દિલીપકુમારના ૭૫ વર્ષની પૂર્ણાહૂતિ નિમિત્તે તથા

રૂા.૧૧,૧૧૧/- શ્રીમતી જયશ્રીબેન અને શ્રી દિલીપકુમારના પ્રસન્ન દામ્પત્યજીવનના ૫૦ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે

રૂા.૧૧,૧૧૧/- ચિ.પ્રાવી અર્પણકુમાર દિલીપકુમાર શાહના જન્મ નિમિત્તે

શ્રી દિલીપકુમાર બાબુલાલ મોહનલાલ શાહે (ઊંઢાઈ-હાલઃ અમદાવાદ) તેમના ૭૫ વર્ષના આરોગ્યમય આયુષ્યની પૂર્ણાહૂતિ તેમજ શ્રી દિલીપકુમાર અને તેમના જીવનસાથી શ્રીમતી જયશ્રીબેનના લગ્નજીવનના ૫૦માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે તેમજ તેમની પૌત્રી ચિ.પ્રાવી અર્પણ શાહના જન્મ નિમિત્તે શ્રી દિલીપકુમારે અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક પ્રોત્સાહન યોજનામાં રૂા.૩૩,૩૩૩/-નું દાન આપેલ છે.

શ્રી દિલીપકુમાર The New India Assurance માં ૩૧ વર્ષ સેવા આપીને હાલ નિવૃત્ત છે. તેઓ અને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં સાથે અભ્યાસ કરેલો છે. શ્રી દિલીપકુમારના ધર્મપત્ની શ્રીમતી જયશ્રીબેને (B.Com) B.S.N.L. માં સેવા આપીને હાલ નિવૃત્ત થયેલાં છે. તેમના સુપુત્ર ચિ. અર્પણ Adani Global Pvt.Ltd. Singapore માં Vice President છે. તેમનાં સુપુત્રી ચિ.જૈમિની દિપેનભાઈ શાહ Six Sigma Academy માં Biology માં Head છે.

આમ આ શિક્ષિત પરિવારે આપણી જ્ઞાતિના શૈક્ષણિક પ્રોત્સાહન યોજનામાં દાન આપીને સમાજને શિક્ષણ ક્ષેત્રે ઉત્તેજના આપવાનું કાર્ય કર્યું છે તે બદલ મંડળ તેમનો આભાર માને છે.

## સાધર્મિક વાત્સલ્ય યોજના... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧,૦૦૦/-**



સ્વ.શ્રી સૂર્યકાન્તભાઈ કેશવલાલ શાહ (ઉનાવા-હાલઃ અમદાવાદ)

સ્વ.શ્રી સૂર્યકાન્તભાઈ કેશવલાલ શાહ (ઉનાવા-હાલઃ અમદાવાદ)ના સુપુત્રી ચિ.સાધનાબેને તેમના સદ્‌ગત પિતાજી શ્રી સૂર્યકાન્તભાઈની જન્મ તારીખ (૧૭-૦૫-૧૯૩૭) નિમિત્તે અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં જ્ઞાતિના સાધર્મિક પરિવારોને ખાધસામગ્રીની કીટ આપવામાં આવે છે તેમાં રૂા.૨૧,૦૦૦/-નું દાન આપેલ છે. શ્રી સૂર્યકાન્તભાઈ દર વર્ષે અવાર નવાર સાધર્મિક ક્ષેત્રે દાન આપતા હતા. 'માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ' આ ભાવનાને ચરિતાર્થ કરનાર સાધનાબેન પણ દર વર્ષે માતા-પિતાની જન્મતિથિ અને પુણ્યતિથિ નિમિત્તે દાન કરતા જ રહે છે. હયાત માતા-પિતાની સેવા તો કરેલી પરંતુ હવે તેમના આત્મશ્રેયાર્થે આવું સમાજસેવાનું પુણ્યકાર્ય કરી રહ્યા છે તે બદલ અમદાવાદ જ્ઞાતિમંડળ તેમની લાગણીને બિરદાવે છે અને ધન્યવાદ પાઠવે છે.

## અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ



જયાબેન ભાઈલાલભાઈ એન. શાહ (સમોડા, હાલ-અમદાવાદ)

અમદાવાદના જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી ભાઈલાલભાઈ એન. ગાંધીના (સમોડા, હાલ-અમદાવાદ) ધર્મપત્ની શ્રીમતી જયાબેન, પ્રભાવશાળી વ્યક્તિત્વ, સમાજ પ્રેમી, સતત ધર્મક્રિયાઓમાં રત રહેનારા, કૌટુંબિક ભાવનાવાળા આદર્શ ગૃહિણી તરીકે પોતાની ફરજો બજાવી રહ્યા છે.કુટુંબના દરેક પ્રસંગમાં તેઓની જવાબદારી સાથે ઉપસ્થિતિ તથા આગવી સૂઝથી સમગ્ર પ્રસંગને દીપાવીને યાદગાર બનાવવાની તેમની આવડત પ્રશંસનીય છે. આ પરિવારે અગાઉ પણ સાધર્મિક ક્ષેત્રે ઘણા લાભ લીધેલ છે. તેમજ તાજેતરમાં ભોયણી મુકામે શ્રી મલ્લિનાથ ભગવાનની છત્રછાયામાં મૌન એકાદશી ના કુલ ૨૨૫ આરાધકોને અઠ્ઠમ તથા પારણા નો અમુલ્ય લાભ લીધેલ તે ખૂબજ અનુમોદનીય છે. આપણી જ્ઞાતિ દ્વારા સાધર્મિક પરિવારોને આપવામાં આવતી જીવન જરૂરિયાતની ખાદ્ય સામગ્રી, સાથે તેઓને મદદરૂપ થવાના ઉમદા હેતુથી દરેક કુટુંબને તેમના તરફથી ૫ કિલો કેરીના બોક્સ આપવામાં આવ્યા. તેમની આ લાગણી બદલ જ્ઞાતિ મંડળ આ પરિવારની સાધર્મિકો પ્રત્યેની ભાવનાને બિરદાવે છે અને અનુમોદના કરે છે.

## અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૧૧૦૦૧/-**



શ્રી કીર્તિકુમાર બાબુલાલ શાહ (બોકરવાડા,હાલ:અમદાવાદ)

શ્રી કીર્તિકુમાર બાબુલાલ શાહ (બોકરવાડા,હાલ:અમદાવાદ) તા.૧૪-૦૫-૨૦૨૬ના રોજ અરિહંત શરણ પામેલ. સદ્‌ગતના આત્મશ્રેયાર્થે તેમના પત્ની ભારતીબેન કીર્તિકુમાર શાહ પરિવાર દ્વારા સાધર્મિક પરિવારજનોને જ્ઞાતિ મંડળ દ્વારા અપાતી ખાદ્ય સામગ્રી સાથે અનુમોદના રૂપે આપવા માટે રૂા.૧૧૦૦૧/-નું દાન મળેલ છે. સાધર્મિક પરિવારો માટેની તેમની લાગણી માટે જ્ઞાતિ મંડળ તેમનો આભાર માની અનુમોદના કરે છે અને સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

## મેડિકલ સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૧૧,૦૦૦/-**

વર્તમાન સમયમાં બિમાર વ્યક્તિની સારવાર, હોસ્પિટલાઈઝેશન, દવાઓ વગેરે મેડિકલ ખર્ચ ખૂબ જ થતો હોય છે. આ કડવી વાસ્તવિક્તા જાણનાર એક સદ્‌ગૃહસ્થે નામની જાહેરાતની અપેક્ષા રાખ્યા વિના અમદાવાદ જ્ઞાતિમંડળ અંતર્ગત મેડિકલ સહાય ક્ષેત્રે રૂા.૧૧,૦૦૦/-નું દાન કરેલ છે જેથી જરૂરિયાતવાળાને સહાય કરી શકાય. આ સદ્‌ગૃહસ્થ માટે જ્ઞાતિમંડળ ગૌરવ અનુભવે છે અને તેમને ધન્યવાદ પાઠવે છે.

**લગ્ન ઈચ્છુકનો બાયોડેટા ફોટો સાથે વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવશે. સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**



Scanned with OKEN Scanner

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

# દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...



**મીનાબેન નરેન્દ્રકુમાર શાહ**
ગામ : મણુંદ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૪૨૯૧૨૯૭૦૦
જન્મ તારીખ : ૧ જુન



**જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ**
ગામ : બોરીઆવી હાલ : મહેસાણા
મોબાઈલ : +૯૧૯૬૨૫૫૨૧૧૧
જન્મ તારીખ : ૧ જુન



**નૈસવી જીગરભાઈ શાહ**
ગામ : ભાલક હાલ : વાપી
મોબાઈલ : +૯૧૮૦૦૦૭૧૨૩૪૧
જન્મ તારીખ : ૯ જુન



**આરતીબેન દક્ષેશભાઈ શાહ**
ગામ : ભાલક હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧૮૯૮૦૮૨૦૩૩૩
જન્મ તારીખ : ૧૦ જુન



**પ્રિયાંશ દર્શીનકુમાર શાહ**
ગામ : બોરીયાવી હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૪૨૯૩૫૭૦૭૬
જન્મ તારીખ : ૧૮ જુન



**તક્ષિલ મલયકુમાર શાહ**
ગામ : વિસનગર હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૭૩૨૨૨૧૭૬
જન્મ તારીખ : ૧૯ જુન



**તક્ષ ધવલભાઈ શાહ**
ગામ : ઉનાવા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૦૩૩૮૯૦૩૩૭
જન્મ તારીખ : ૧૯ જુન



**જિયાન્સ જીગરભાઈ શાહ**
ગામ : ભાલક હાલ : વાપી
મોબાઈલ : +૯૧૮૦૦૦૭૧૨૩૪૧
જન્મ તારીખ : ૨૧ જુન

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**શ્રીમતી જ્યોત્સનાબેન ભગીરથભાઈ**
**અને**
**શ્રી ભગીરથભાઈ શાંતિલાલ શાહ**
લગ્ન તારીખ : ૧ જુન

મોબાઈલ : +૯૧૯૩૨૭૦૨૯૦૧૦
ગામ : લુણવા મંડાલી હાલ : અમદાવાદ

## શુભ લગ્ન યોજના

**શ્રીમતી સીતાબેન સોમચંદ નગીનદાસ શાહ (ભાલક-હાલઃ પૂના)** પરિવારના સૌજન્યથી શરૂ થયેલ શુભ લગ્ન યોજના અંતર્ગત તા.૨૦-૦૬-૨૦૨૬, શનિવારે વાસણા જ્ઞાતિહોલમાં શ્રીમતી વંદનાબેન શૈલેષભાઈ નટવરલાલ ગાંધી (સમોડા-હાલઃ અમદાવાદ)ની સુપુત્રી **ભૂમિ** શ્રીમતી નીલાબેન દિલીપભાઈ શાહ (વરતેજ-હાલઃ ભાવનગર) ના સુપુત્ર **ચિ.ધ્રુવેશ** સાથે લગ્નગ્રંથિથી જોડાશે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ યુગલને સુખી દામ્પત્યની શુભેચ્છા પાઠવે છે.



Scanned with OKEN Scanner

## બદલાયેલા સરનામા તેમજ આજીવન સભ્યપદ

**આજીવન સભ્યપદ અમદાવાદ**

**પ્રથમ મનીષભાઈ શાહ ............................(લાછડી)**
A/2,અનિષા ફ્લેટ, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી,
અમદાવાદ – ૩૮૦૦૦૭.મો.: ૯૪૨૮૨ ૭૬૬૪૨, ૯૪૨૮૩ ૫૨૯૩૨

**બદલાયેલા સરનામા અમદાવાદ**

**અંકુરભાઈ કુમારપાળ શાહ ....................(પીંઢારપુરા)**
પાર્શ્વદીપ, ૯/૩,નિર્મલ બંગલા, આનંદનગર, ભટ્ટા, પાલડી,
અમદાવાદ – ૩૮૦૦૦૭. મો.: ૯૨૨૭૭ ૭૬૫૦૦,૯૨૨૭૭ ૭૬૩૬૪

**ચિરાગભાઈ પ્રવીણચંદ્ર શાહ ........................(તરભ)**
B - 408, પાર્શ્વ ટાવર, પારેખ્સ હોસ્પિટલ ની સામે,
શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ,અમદાવાદ – ૩૮૦૦૧૫
મો.: ૯૯૨૪૩ ૦૪૦૧૩

**પારૂલબેન જયેશકુમાર શાહ ........................(ઉનાવા)**
15, અમરજ્યોત એપાર્ટમેન્ટ, વકીલ હાઉસની બાજુમાં,
મોતીનગર સોસાયટી, મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી,
અમદાવાદ – ૩૮૦૦૦૭. મો.: ૬૩૫૩૯ ૫૫૬૮૩, ૭૦૪૩૮ ૦૦૯૨૦

**ગિરીશભાઈ પુનમચંદ શાહ ........................(મણુંદ)**
A/701, રાજયશ રીઆનંદ, જી બી શાહ કોલેજની પાછળ,
ટોરેન્ટ પાવરની સામે,વાસણા, અમદાવાદ – ૩૮૦૦૦૭
મો.: ૯૭૨૫૧ ૦૯૯૦૪

**વિરેન્દ્રભાઇ બાબુલાલ શાહ..........................(રણુંજ)**
1104, Ajmera Manor, F.P.No.20, એસ. વી. રોડ, પોલીસ
લોકઅપ ની સામે, બોરીવલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૯૨
મો.: ૯૮૯૨૧૯૩૭૬૯



તા.૨૪-૦૫-૨૦૨૬, રવિવારના રોજ શૈક્ષણિક પ્રોત્સાહન યોજના અંતર્ગત ચોપડા વિતરણ કાર્યક્રમ

## ધાર્મિક સમાચાર

❁ વડાવલી નગરે, મહાવીર સ્વામી જિનાલય એ વૈશાખ સુદ નોમ અને દશમ તારીખ ૨૫ ૪ ૨૦૨૬ અને તારીખ ૨૬ ૪ ૨૦૨૬ ના રોજ ધજા નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી. પહેલા દિવસે અઢાર અભિષેક અને ધજા ની ભવ્ય રથયાત્રા તેમજ ત્રણ ટાઈમ સંઘ સ્વામી વાત્સલ્ય ની સુંદર વ્યવસ્થા હતી. વૈશાખ સુદ દશમ તારીખ ૨૬ ૪ ૨૦૨૬ ની ધજાના તેમજ ત્રણ ટાઈમ ના સંઘ સ્વામી વાત્સલ્ય નો લાભ મંજુલાબેન અશોકભાઈ હિંમતલાલ શાહ પરિવારે લીધેલ. મુંબઈથી આશરે ૮૦ જેટલા આમંત્રિતો સહિત ૪૨૫ થી વધુ વ્યક્તિઓ આ પ્રસંગે હાજર રહી હતી લાભાર્થી પરિવાર તરફથી ટ્રેનમાં આવતા જતા જમવાની વ્યવસ્થા તેમજ વડાવલી નગરે બે દિવસ રહેવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.સૌ આમંત્રિતોને અમદાવાદથી બે એસી બસ દ્વારા વડાવલી મુકામે લાવવામાં આવેલ. આમંત્રિતોને દેલમાલ ખાતે કુળદેવી લીંબજા માતાના દર્શન કરાવવા નો લાભ લીધેલ. માણીભદ્રવીરની ધજાનો લાભ સોનુબેન મનીષભાઈ નિરંજનભાઇ હિંમતલાલ શાહ પરિવારે લીધેલ જેની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ

## અવસાન-શ્રધ્ધાંજલિ



**કીર્તિકુમાર કેશવલાલ શાહ**
ગામ : કમાણા
હાલ : ઊંઝા
સ્વ.તા. ૦૭-૦૫-૨૬, ગુરુવાર



**કીર્તિકુમાર બાબુલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ.તા. ૧૪-૦૫-૨૬, ગુરુવાર



**રીટાબેન મુકેશકુમાર શાહ**
ગામ : તરભ
હાલ : સુરત
સ્વ.તા. ૧૬-૦૫-૨૬, શનિવાર



**લીલાવતીબેન સૂર્યકાંતભાઈ શાહ**
ગામ : ભાલક
હાલ : પુના
સ્વ.તા. ૧૭-૦૫-૨૬, રવિવાર



**પ્રમોદચંદ્ર કાંતિલાલ હેમચંદ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : ભાયંદર–મુંબઈ
સ્વ.તા. ૧૭-૦૫-૨૬, રવિવાર



**વરધીચંદ ગિરધરલાલ શાહ**
ગામ : ધિણોજ
હાલ : સુરત
સ્વ.તા. ૨૧-૦૫-૨૬, ગુરુવાર




**ત્રિશલાબેન જશવંતલાલ શાહ**
ગામ : ખરોડ
હાલ : મહેસાણા
સ્વ.તા. ૨૩-૦૫-૨૬, શનિવાર



**વિરલ તુષારભાઈ શાહ**
ગામ : મણુંદ
હાલ : પુના
સ્વ.તા. ૨૭-૦૫-૨૬, બુધવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

# શ્રધ્ધાંજલિ



## સ્વ. પ્રમોદચંદ્ર કાંતિલાલ શાહ

જન્મઃ તા.૧૨.૧૧.૧૯૫૧ | સ્વર્ગવાસઃ તા.૧૭.૦૫.૨૦૨૬ | ગામઃ બોકરવાડા, હાલઃ ભાયંદર

**જેઓ હૃદયથી જીવ્યા હોય, એમને મૃત્યુ પણ ભૂંસી શકતું નથી,**
**કારણકે દેહનો અંત શકય છે, પણ સ્નેહનો નહીં.**

મૃત્યુ તો સંસારનો અવિચળ નિયમ છે, પરંતુ કેટલાક વ્યક્તિત્વ દેહથી વિદાય લીધા પછી પણ હૃદયમાંથી ક્યારેય વિદાય લેતા નથી.
અમારા પપ્પા ‘‘ચોકલેટ દાદા’’
એમનો સ્નેહાળ સ્વભાવ અને પ્રેમ ભરેલો વ્યવહાર એમને દરેકના મનમાં અવિસ્મરણીય બનાવી ગયો છે.
એમની યાદો અમારા જીવનમાં હંમેશા સુગંધ સમી મહેકતી રહેશે અને એમનો પ્રેમ સદાય અમારા હૃદયોમાં જીવંત રહેશે.

અરિહંત પરમાત્મા આપના દિવ્ય આત્માને સદ્‌ગતિ અર્પે એજ પ્રાર્થના

પુષ્પાબેન પ્રમોદચંદ્ર શાહ
રચના અને કેતન શાહ
નિકિતા અને અભય શાહ
સ્નેહા અને ચિંતન કોઠારી
મયંક – દક્ષ – હિત

સ્વ. કાંતિલાલ હેમચંદ શાહ
સ્વ. પ્રભાવતીબેન કાંતિલાલ શાહ

સ્વ. વિનોદચંદ્ર કાંતિલાલ શાહ
સ્વ. કુસુમબેન વિનોદચંદ્ર શાહ
જીતેન્દ્રભાઈ-હિનાબેન
રાજેન્દ્રભાઈ-કલ્પનાબેન

### સમસ્ત કાંતિલાલ હેમચંદ શાહ પરિવાર (બોકરવાડા)

**પિયર પક્ષ**

સુરેન્દ્રભાઈ - કોકિલાભાભી
અશ્વિનભાઈ - લીનાભાભી
સ્વ.મહેન્દ્રભાઈ- જ્યોત્સનાભાભી

ગિરીશભાઈ - ધર્મિષ્ઠાભાભી
રાજેન્દ્રભાઈ - સ્વ. જયશ્રીભાભી

**બેન – બનેવી**

ઈન્દુબેન - જસવંતલાલ

### સમસ્ત રમણીકલાલ ચુનીલાલ શાહ પરિવાર (મણુંદ)

નિવાસ સ્થાનઃ શ્રીમતી પુષ્પાબેન પ્રમોદચંદ્ર શાહ
J-૭૦૧, ઓમ સોલિટેર, પ્લેનેટેરિયા કોમ્પ્લેક્ષ, ફાયર બ્રિગેડ પાસે, માહેશ્વરી ભવન રોડ, ભાયંદર વેસ્ટ. ૪૦૧૧૦૧
મો.: ૯૯૩૦૧ ૩૯૫૭૩ | ૯૦૦૪૪ ૩૧૮૩૯ | ૯૧૭૨૭ ૯૦૨૫૦



Scanned with OKEN Scanner

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



## રમણલાલ ચીમનલાલ શાહ (ગાંભુ–અમદાવાદ)

જન્મ તા.૨૦-૦૫-૧૯૩૦ • સ્વ.તા.૨૭-૦૬-૨૦૨૨

ગાંભુ તીર્થે બિરાજમાન શ્રી ગંભીરા પાર્શ્વનાથ પ્રભુના આજીવન ઉપાસક અને તીર્થની ઉન્નતિ ક્ષેત્રે સતત જાગૃત રહી અનેકને પ્રેરણા આપનાર, ઉપરાંત વિમલનાથ સોસાયટીના ફાઉન્ડર મેમ્બર રહીને આજીવન ચેરમેન તરીકેની જવાબદારીઓ સંભાળેલ તેમજ શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘમાં દરરોજ સવારે સ્નાત્રપૂજા અને શ્રી ભક્તામર સ્તોત્રનું સમૂહ વાંચન કરાવવાના પ્રણેતા... ધર્મપ્રિય... એવા આપની છત્રછાયામાં ચાર પેઢીને આપના સાનિધ્ય અને સંસ્કારોનો વારસો મળ્યો. ફરી ક્યારેય નહી મળવાનો કોલ દઈને આપે અનંતની વાટ પકડી, આપનો સમૃધ્ધ વારસો અમે અમારા જીવન પર્યંત જાળવીશું.

પ્રભુને એક જ પ્રાર્થના હે પ્રભુ જે જીવ આપની પાસે આવ્યો છે તેને આપનું શરણું આપજે.

## પ્રભાવતીબેન રમણલાલ શાહ

**પુત્ર**
મહેન્દ્રભાઈ - હીનાબેન
ભાવિન - અલ્ભા
પૂર્વી - હિરેનકુમાર
અદિતિ - મેઘ - માન્યા

**પુત્ર**
રાજેશભાઈ - પ્રતિમાબેન
સુહાની - પાર્થકુમાર
જૈની - નિરવકુમાર
ફિયોના - ઝીયા

**પુત્રી**
કલ્પના - શૈલેષકુમાર
ટ્વીંકલ - પ્રિયંકકુમાર
બિન્ની - મેહૂલકુમાર
હર્ષિલ - શૈલેષકુમાર
રિશી - ખૂશી - રૂહી

**પુત્રી**
નીલા - સુધીરકુમાર
સૌમિલ - હેતવી
ધ્વનિલ - ખૂશબૂ
જીયાન-માયશા
કહાન

**રાજેશભાઈ રમણલાલ શાહ - NJ (USA) M.: +1 917 435 7990**

**વેવાઈ પક્ષ**
મધુબેન કમલેશભાઈ પારેખ
(ન્યુયોર્ક)
રચનાબેન કરણભાઈ પારેખ
દક્ષાબેન બીપીનભાઈ પરીખ
(અમદાવાદ)

**સાસરી પક્ષ**
શાંતિલાલ મણીલાલ શાહ
(મોઢેરાવાળા-વડોદરા)
રાજેન્દ્રભાઈ-પ્રદીપભાઈ-કિરીટભાઈ
જયેન્દ્રભાઈ

**મોસાળ પક્ષ**
છોટાલાલ મોહનલાલ શાહ
(ઉનાવા-અમદાવાદ)
સ્વ.રતીભાઈ-બીપીનભાઈ-નવીનભાઈ

પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL, Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI

Scanned with OKEN Scanner